ક્રિ. કેસ નં. 87117/2023

આંક–૧ લગત હુકમ

(૧)હાલના કેસનું રેકર્ડ ધ્યાને લેતાં સી. આર. પી. સી. કલમ–૧૫૪ મુજબ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ફર્સ્ટ ઈન્ફોરમેશન રીપોર્ટ(એફ.આઈ.આર.) ના અનુસંધાનમાં તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આ કામના આરોપીઓ વિરૂઘ્ઘ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ ઘ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાના ભંગ બદલ આઈ. પી. સી. કલમ–૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટની કલમ–૩ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) સી.આર.પી. સી. કલમ–૧૯૫ મુજબ આઈ. પી. સી. ની કલમ–૧૭૨ થી ૧૮૮(બંને કલમો સહીત) ના ગુના અંગેનું કોગ્નીઝન્સ સંલગ્ન જાહેર સેવક ઘ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નિયંત્રણ હેઠળ હોઈ એવા(એટલે કે, આવા જાહેર સેવકના ઉપલા અધિકારી) ની લેખીત ફરીયાદ વગર લઈ શકાય નહીં એવી કાયદાકીય આદેશાત્મક જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ એપેડેમીક ડીસીઝ એકટની કલમ–૩ મુજબ ગુનાના ભંગ બદલ ઈ.પી.કો. કલમ–૧૮૮ મુજબના ગુના સંબંધે કાર્યવાહી કરવા જોગવાઈ કરવામાં આવેલી છે.

(૩) નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા જશવંતસિંહ ફલજીતભાઈ વિરૂઘ્ઘ ગુજરાત રાજયના કેસમાં તારીખ.૦૯/૧૨/૨૦૦૩ ના ચુકાદામાં ''આઈ. પી. સી. ની કલમ–૧૮૮ કોગ્નીજેબલ હોવાનું નામદાર અદાલતે અવલોકન કરેલ છે.'' – કોગ્નીઝેબલ ગુનો એટલે કે, જેમાં પોલીસ વોરંટ વગર આરોપીની ધરપકડ કરી શકે, તપાસ કરી શકે તેવો ગુનો, પરંતુ સી. આર. પી. સી. ની કલમ–૧૯૫ માં સામાન્ય બાધ(અપવાદ) કરવામાં આવેલ છે. તેમાં એવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલી છે કે, આઈ. પી. સી. ની કલમ–૧૭૨ થી ૧ ૮૮ (બંને કલમો સહિત) ના ગુના અંગેનું કોગ્નીઝન્સ સલગ્ન જાહેર સેવક ઘ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નિયંત્રણ હેઠળ હોઈ એવા (એટલે કે, આવા જાહેર સેવકના ઉપલા અધિકારી) ની લેખિત ફરીયાદ વગર લઈ શકાય નહીં. આમ, એકમાત્ર કોગ્નીઝેબલ ગુનો બનતો હોય અને પોલીસને તપાસની સત્તા રહેલી હોય એટલા માત્રથી સી.આર.પી.સી. ની કલમ–૧૯૫ ની ફરજીયાત અને આદેશાત્મક જોગવાઈનો બાધ નડે નહીં તેવું માની શકાય નહીં.

(૪) નામદાર સુપ્રિમ કોર્ટ ઘ્વારા (૧) એમ.એસ.અહલ્લાવત વિરૂઘ્ઘ હરીયાણા એ.આઈ.આર. ૨૦૦૦(સુ.કો.) પેજ નં.૧૬૮, (૨) દોલતરામ વિરૂઘ્ઘ પંજાબ રાજય એ.આઈ.આર. ૧૯૬૨(સુ.કો.) પેજ નં. ૧૨૦૬, (૩) બબીતા લીલા વિરૂઘ્ઘ યુનીયન ઓફ ઈન્ડીયા એસ.એલ.પી. (ક્રિમીનલ)૧૪૭૪/૨૦૧૨, (૪) મુનીઅપ્ન અને બીજા વિરૂઘ્ઘ તામીલનાડુ રાજય ક્રિમીનલ અપીલ નં.૧૨૭ થી ૧૩૦/૨૦૦૮ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા (૧) બેચરવાલા વિરૂઘ્ઘ ગુજરાત રાજય ક્રિમીનલ મીસીનીયસ અપીલ નં. ૫૦૯/૨૦૦૧, (૨) કાનજીભાઈ બબલદાસ પટેલ વિરૂઘ્ઘ ગુજરાત રાજય ક્રિમીનલ મીસીનીયસ અપીલ નં.૩૪૮/૧૯૯૫, (૩) અરૂણઘતી ભટ્ટાચાર્ય વિરૂઘ્ઘ ગુજરાત રાજય ક્રિમીનલ મીસીનીયસ અપીલ નં.૧ ૭૨૮૬/૨૦૧૭, (૪) ગોરઘનકુમાર ઠાકોરદાસ અસરાની વિરૂઘ્ઘ ગુજરાત રાજય ૨૦૧૮(૧) જી.એલ.એચ. પેજ નં.૬૩ ના કેસ લોમાં એવું ઠરાવેલ છે કે, The provisions of Section 195 Cr.P.C. are mandatory and Non-compliance of it would vitiate the prosecution and all other consequential orders. The Court cannot assume the cognizance of the case without such complaint. In the absence of such a complaint, the trial and conviction will be void ab initio being without jurisdiction. નામદાર મહારાષ્ટ્ર હાઈકોર્ટની ડીવીઝન બેન્ચે હલ્લાશેવ વિરૂઘ્ઘ મહારાષ્ટ્ર રાજય ક્રિમીનલ એપ્લીકેશન નં.૪૫૩/૨૦૨૦ ના ચુકાદામાં એવું અવલોકન કરવામાં આવેલ છે કે, "We are of the opinion that allowing the prosecution to continue

would be nothing but an abuse of the process of the Court in as much as there was an express legal bar against the institution of F.I.R. against an accused based on the police report."

(૫) નામદાર સુપ્રિમ કોર્ટ ઘ્વારા પંકજ અગ્રવાલ વિરૂઘ્ઘ દિલ્હી રાજય ૨૦૦૧(૩) ક્રાઈમ્સ (સુપ્રિમ કોર્ટ) પેજ નં.૩૬૧ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા કાંઘલ સરમણ જાડેજા વિરૂઘ્ઘ ગુજરાત રાજય ૨૦૧૯(૨) જી.એલ.આર. પેજ નંબર. ૧૪૬૨ ના ચુકાદામાં એવું અવલોકન કરવામાં આવેલ છે કે, જયારે ગુના અલગ કરી શકાય તેવા હોય એટલે કે, સ્પ્લીટ કરી શકાય તેવા હોય સ્વતંત્ર અને એક અલગ જ ગુનો બનતો હોય ત્યારે આવા સ્વતંત્ર ગુનાની કાર્યવાહી ચલાવી શકાય છે અને આવા ગુનાને સી.આર.પી.સી. ની કલમ–૧૯૫ નો બાઘ નડતો નથી, પરંતુ જયારે થયેલ ગુના એકબીજા સાથે એવી રીતે જોડાયેલા હોય, ઈન્ટરકનેકટેડ હોય, એકબીજાથી અલગ કરી શકાય તેવા ન હોય તેવા ગુનામાં સ્પષ્ટ રીતે સી.આર.પી.સી. કલમ–૧૯૫ નો બાઘ નડે છે અને આવા ગુનાની કાર્યવાહી આગળ ચલાવી શકાતી નથી, કમિશ્નરશ્રીના જાહેરનામાંનો ભંગ થતા ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલા ગુના થયેલ છે તેવો પોલીસનો કેસ છે. કેસની વિષય વસ્તુ ઘ્યાન સમક્ષ રાખતા આ ગુનાઓ એકબીજા સાથે સ્પષ્ટપણે સંકળાયેલા અને ઈન્ટર કનેકટેડ છે અને તેથી તેમને એકબીજાથી અલગ કરી શકાય તેમ નથી. આથી નામદાર સુપ્રિમ કોર્ટે તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ઉપરોકત દર્શાવેલા ચુકાદાઓમાં કરેલ અવલોકનો ઘ્યાને લેતા હાલના કેસમાં સી.આર.પી.સી. કલમ–૧૯૫ ની કાયદાકીય ફરજીયાત જોગવાઈનો બાઘ નડે છે.

(૬)સદર કામે હાલના કેસની મહત્વની હકીકત જોતાં સને ૨૦૨૧ મા ફરીયાદ નોંઘવામાં આવેલ છે અને ચાર્જશીટ ઓગસ્ટ ૨૦૨૩ માં કરવામાં આવેલ છે તે જોતા બે વર્ષના વિલંબ બાદ ચાર્જશીટ કરેલ હોય આક્ષેપીત ગુનો જોતા એપેડેમીક એકટની કલમ ૩ ની સજા કલમ ૧૮૮ મુજબ છ મહિનાની છે જયારે ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની ૫૧(બી) મુજબ એક વર્ષ સુઘીની જોગવાઈ હોય સી.આર.પી.સીની કલમ ૪૬૮ મુજબ એવા ગુનામાં એક વર્ષમાં ચાર્જશીટ કરવી પડે અને ત્યારબાદ કરેલ ચાર્જશીટ કરવા સામે કોઈ કાયદાકીય બાદ નથી પરંતુ કોગ્નીશન્સ લેવા સામે બાઘ હોય ચુકાદાઓ ઘ્યાને લેતા ગુરમીતસિંગ કોહલી વિરૂઘ્ઘ પંજાબ(તા.૨૩/૦૨/૨૦૨૨) તથા વિનિતસુદ વિરૂઘ્ઘ પંજાબ(તા.૦૫/૦૪/૨૦૨૨) તથા હમીન્દરસિંગ વિરૂઘ્ઘ હરીયાણા(તા.૧૧/૦૮/૨૦૨૩) ના ચુકાદા તથા હાલના કેસમા કલમ ૪૬૮ મુજબ મુદત વિતી ગયેલ હોય ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવાને બાદ નડતો હોય અને કલમ ૪૭૦ મુજબના કોઈપણ સંજોગો રેકર્ડ પર આવેલ નથી તેવી કોઈ અરજી પણ મંજુર કરાવેલ ન હોય તેવા સંજોગોમાં હાલના કેસને બાઘ નડતો હોય આગળની કાર્યવાહી બંઘ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

સી.આર.પી.સી. કલમ–૪૬૮ અન્વયે કોગ્નીઝશન્સ લેવા સામે બાઘ નડતો હોય આગળની ઈન્સાફી કાર્યવાહી બંઘ કરી આરોપીની કેસમાથી મુકત કરવામાં આવે છે.

હુકમ આજરોજના સ્પેશીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

અમદાવાદ.

તા.૦૯/૦૯/૨૦૨૩

એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૦, અમદાવાદ.